### એમ.એસ.યુનિવર્સિટીમાં આગામી સત્રથી કોર્સ શરૂ થશે

# ઈજનેરી, ફાર્મસીના વિદ્યાર્થીઓને NCC ઈલેક્ટિવ તરીકે ભણાવાશે

## UGC-AITCEએ કોર્સ દાખલ કરવા સૂચના આપી

એજ્યુકેશન રિપોર્ટર, વડોદરા

એન્જીનીયરીંગ-ફાર્મસીમાં NCCને ઈલેક્ટિવ ક્રેડિટ કોર્સ તરીકે ભણાવવામાં આવશે. એમ.એસ. યુનિવર્સિટીના એન્જીનીયરીંગ અને ફાર્મસી વિષયના વિદ્યાર્થીઓને પણ આગામી સત્રથી કોર્સ ભણી શકશે. યુજીસી-એઆઈસીટીઈએ એનસીસી ક્રેડિટ કોર્સને દાખલ કરવા માટેની સૂચનાઓ આપી છે.

ડિપ્લોમા, બેચલર ઓફ એન્જિનીયરિંગ અને બેચલર ઓફ ફાર્મસીમાં NCC ક્રેડિટ કોર્સને એડ ઓન ક્રેડિટ તરીકે મંજૂરી અપાઈ છે. જે કોલેજોમાં એનસીસી, ટ્રુપ્સ, કંપની, યુનિટ કાર્યરત હોય તેમાં અમલ કરાશે. યુનિવર્સિટીમાં એનસીસી કાર્યરત છે ત્યારે ટેકનોલોજી, પોલીટેકનીક કોલેજ તથા ફાર્મસી ફેકલ્ટીમાં પણ આ કોર્સ ચલાવાશે. જોકે આગામી સત્રથી તેનો અમલ કરી શકાશે. પહેલા ફેકલ્ટી બોર્ડમાં નિર્ણય લઈ સિન્ડિકેટની મંજૂરી માટે મૂકવામાં આવશે ત્યાર બાદ તેનો અમલ કરાશે. 2021-22થી એનસીસીને ઈલેક્ટિવ કોર્સ એટલે કે વૈકલ્પિક અભ્યાસક્રમ તરીકે શરૂ કરી દેવામાં આવ્યો છે. યુજીસી-એઆઈસીટી દ્વારા આ કોર્સ માટેની સૂચનાઓ દરેક યુનિવર્સિટી-કોલેજોને આપી છે. એનસીસીનો અભ્યાસક્રમ ભણ્યા બાદ વિદ્યાર્થીઓને એનસીસી વિષયો પાસ કર્યાની અલાયદી માર્કશીટ આપવામાં આવશે. એનસીસી ઈલેક્ટિવ કોર્સના તમામ વિષયો પાસ કરનારા વિદ્યાર્થીઓની ટ્રાન્સક્રિપ્ટમાં તેની નોંધ કરાશે. વિદ્યાર્થીઓએ સેમિસ્ટર 1 માં એક વખત નોંધણી કરાવવાની રહેશે. સેમેસ્ટિર 3 થી વિદ્યાર્થીઓ નોંધણી કરાવી શકશે નહિ. 6 સેમિસ્ટર એનસીસીનો અભ્યાસક્રમ ભણ્યા બાદ વિદ્યાર્થીઓને એનસીસી વિષયો પાસ કર્યાની અલાયદી માર્કશીટ આપવામાં આવશે.

### ફેકલ્ટી બોર્ડમાં મંજૂર થયા બાદ શરૂ કરાશે

પહેલા ફેકલ્ટી બોર્ડમાં મૂકવામાં આવશે ત્યાર બાદ તેને સિન્ડિકેટમાં રજૂ કરવામાં આવશે. મંજૂરી મળ્યા બાદ કોર્સને શરૂ કરાશે. આગામી ફેકલ્ટી બોર્ડમાં આ પ્રસ્તાવ લાવવામાં આવશે. »સી.એન. મૂર્થી, ડીન, ટેકનોલોજી ફેકલ્ટી